ગરવા ગુજરાતી ફિલ્મકાર: મહાન મેહબૂબ ખાન

કેટલા ગુજરાતીઓને ખબર છે કે ઓસ્કાર એવોર્ડમાં અંગ્રેજી સિવાયની એટલે કે 'બેસ્ટ આંતરરાષ્ટ્રીય ભાષા'ની ફિલ્મ-કેટેગરીની ટોપ પાંચ ફિલ્મોમાં સ્વીકારાયેલી ફિલ્મ 'મધર ઈંડિયા' એક ગુજરાતી નિર્માતા-નિર્દેશક-લેખકે બનાવેલી? કેટલા ગુજરાતીઓને ખબર છે કે ભારતની પહેલી રંગીન ફિલ્મ 'આન' ૧૯૫૨માં એક ગુજરાતી નિર્માતા-નિર્દેશકે લખલૂંટ ખર્ચે બનાવેલી? કેટલા ગુજરાતીઓને ખબર છે કે ગુજરાતનાં બિલીમોરા પાસેનાં નાનાકડા ગામ દેસરામાં જન્મેલા મેહબૂબ ખાનની ફિલ્મી સફર ચોંકાવી દે એવી સંઘર્ષમય છે?

મેહબૂબ ખાનના પિતા ઘોડાની નાળ લગાવવાનું કામ કરતા. એવામાં નૂર મહોમ્મદ બસ્તી નામના સજ્જન જે સાઈલંટ ફિલ્મોમાં ઘોડા સપ્લાય કરતા, એ નૂર કિશોર વયના મેહબૂબને મુંબઈ લાવ્યા. પછી મેહબૂબ ઘોડાની નાળનું કામ કરતાં કરતાં બોલીવૂડના સંપર્કમાં આવ્યા. અરદેશર ઈરાનીની 'ઈમ્પિરીયલ સિનેમા' અને બીજી કંપનીમાં સેટ પર પડદા રંગવાનું કે પછી ભીડમાં જુનિયર આર્ટસ્ટિ તરીકે અલીબાબા ૪૦ ચોર (૧૯૨૭) જેવી ફિલ્મોમાં કામ કર્યું. પછી એર્ઝા મિર્ઝાનાં સહાયક નિર્દેશક બન્યા અને ૩૪ વરસે 'અલ હિલાલ' (૧૯૩૫) નામની પહેલી સફળ ફિલ્મ બનાવી. શરૂઆતમાં ૧૯૩૦થી ૫૦ સુધી 'મનમોહન' (૧૯૩૬), 'ઓરત' (૧૯૪૦) જેવી અનેક સામાજિક ફિલ્મો બનાવીને ત્યારનાં બંગાળીઓ અને એમના મોટા મોટા સ્ટુડિયો કે કંપની સામે ઝીંક ઝીલેલી. સાવ અભણ અને ગામઠી ગુજરાતી ભાષી અને હિંદી-ઉર્દૂ અંગ્રેજીની જાણકારી ના હોવા છતાં ત્યારનાં બોલીવૂડમાં સંઘર્ષ કરીને સિક્કો જમાવ્યો અને પછી તો ૧૯૪૫માં 'મહેબૂબ પ્રોડક્શન કંપની' અને મુંબઈના બાંદ્રા ખાતેના 'મહેબૂબ સ્ટુડિયો'(૧૯૫૪)ના માલિક બન્યા. કેટલા જાણે છે કે 'મધર ઈંડિયા' અગાઉ એ જ વાર્તા પરથી 'ઓરત' નામની ફિલ્મ ૧૯૪૦માં બનાવેલી. મેહબૂબ ખાનને જન્મભૂમિ બિલીમોરા સાથે બહુ લગાવ હતો. 'મધર ઈન્ડિયા' ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ બિલીમોરામાં એમનાં મિત્ર ધીરુભાઈ નામાણીના ફાર્મ હાઉસમાં અને આસપાસ ધરમપુર, વાંસદા બાજુ થયેલું. ત્યાંના લોકલ લોકોએ એમાં ગ્રામજનોની ભૂમિકાઓ પણ ભજવેલી. કહેવાય છે કે 'મધર ઈન્ડિયા' જ્યારે આખા ઈન્ડિયામાં રીલીઝ થઈ હતી ત્યારે એમણે બિલીમોરા જેવા નાના શહેરમાં પણ એને એ જ દિવસે રીલીઝ કરી હતી,મેહબૂબ ખાનને બિલીમોરામાંથી કાયમ ફાઈનાન્સનો સપોર્ટ મળતો, એટલે જ્યારે ફિલ્મ 'મધર ઈન્ડિયા'એ ખૂબ કમાણી કરી ત્યારે મેહબૂબજીએ આખા બિલીમોરાનાં લોકો માટે જમણવાર કરેલો! સાવ અભણ અને હા, મહેબૂબ ખાન પોતાની સ્ક્રીપ્ટ ભાંગી-તૂટી ગુજરાતીમાં લખતા! ફિલ્મ 'અનમોલ ઘડી' ના સેટ પર એ ફિલ્મનું ખૂબ જ પ્રખ્યાત ગીત 'જવાન હૈ મોહબ્બત, હંસી હૈ ઝમાના'નું શૂટિંગ ચાલી રહ્યું હતું. 'અનમોલ ઘડી' ફિલ્મ વખતે નૌશાદ ને મહેબૂબ પહેલીવાર મળ્યા હતા. ત્યારે નવા નવા સફળ સંગીતકાર નૌશાદ 'કારદાર પ્રોડક્શન્સ'માં સંગીતકાર તરીકે કામ કરતાં. મહેબૂબ ખાનને નૌશાદનું કામ ગમ્યું હતું એટલે એમણે 'કારદાર પ્રોડક્શન'ને એમની ફિલ્મ માટે નૌશાદને સંગીત આપવા માટે વાત કરી. 'કારદાર પ્રોડક્શન' સંમત થયા.

નૌશાદે અનમોલ ઘડી માટે જે પહેલું ગીત કમ્પોઝ કર્યું- 'જવાન હૈ મોહબ્બત, હંસી હૈ ઝમાના.' નૂરજહાંએ ગાયેલા આ ગીત સાંભળ્યા પછી, મહેબૂબ ખાને નૌશાદને કેટલાંક ફેરફાર કરવા કહ્યું પણ નૌશાદને ગમ્યું નહીં, પણ મહેબૂબ તેમનાથી ખૂબ જ સિનિયર હતા અને હોદ્દામાં પણ ઘણા ઊંચા હતા એટલે કમને નૌશાદે મહેબૂબના કહ્યા મુજબ સૂરમાં ફેરફારો કર્યા.

થોડા દિવસો પછી નૌશાદે ફિલ્મનું બીજું ગીત તૈયાર કર્યું. નૌશાદજીએ મહેબૂબને કહ્યું,'ફિલ્મનું બીજું ગીત સાંભળી લો ને કોઈ ફેરફાર હોય તો કહો.' મહેબૂબ ખાને કહ્યું, 'એક મિનિટ. હું એક શોટ લઈ રહ્યો છું.' નૌશાદે કહ્યું, 'મહેબૂબ સાહેબ, હું કેમેરામાં જોઈ શકું?' 'હા, હા, તમારા

'આન' ૧૯૫૨માં એક ગુજરાતી નિર્માતા-નિર્દેશકે લખલૂંટ ખર્ચે બનાવેલી? કેટલા ગુજરાતીઓને ખબર છે કે ગુજરાતનાં બિલીમોરા પાસેનાં નાનાકડા ગામ દેસરામાં જન્મેલા મેહબૂબ ખાનની ફિલ્મી સફર ચોંકાવી દે એવી સંઘર્ષમય છે?

જ પહેલા ગીતનું શૂટિંગ ચાલી રહ્યું છે.' મહેબૂબજીએ નૌશાદને કહ્યું. નૌશાદે કેમેરાના વ્યુફાઈન્ડરમાં જોઈને કહ્યું, 'મને લાગે છે કે તમારે પેલું પેંટિંગ ડાબી બાજુથી કાઢીને જમણી બાજુ મૂકવું જોઈએ અને એ બાજુની લાઈટ બંધ કરીને આ બાજુની લાઈટ ચાલુ કરવી જોઈએ.' સેટ પર બધા લોકો ચોંકી ગયા કારણ કે સૌ મહેબૂબજીના ગુસ્સાથી વાકેફ હતા. પછી મહેબૂબ ખાને નૌશાદને ગરદનથી પકડીને બાજુ પર ખેંચી લીધા ને કહ્યું, 'તું તારી પેટી વગાડ. આ તારું કામ નથી.' જવાબમાં નૌશાદે કહ્યું, 'હું જાણું છું કે આ મારું કામ નથી, પણ સંગીત મારું કામ છે, તમારું નહીં.' મહેબૂબ ખાને કહ્યું, 'મને આ શોટ પૂરો કરવા દો, પછી હું તમને જવાબ આપીશ.' હવે નૌશાદ ટેન્શનમાં આવી ગયા. શોટ પૂરો કરીને મહેબૂબજીએ નૌશાદ પાસે આવીને કહ્યું, 'તમે અહીં બીજા ગીત વિશે વાત કરવા આવ્યા છોને? તમે એને ફાઈનલ કરી નાખ્યું તો એ ફાઈનલ છે. એ તમારું કામ છે, મારું નહીં.' આવી હતી ત્યારનાં મોટા લોકોની ખેલદિલી. કહેવાય છે કે ૨૭મે ૧૯૬૪ના રોજ ભારતના પ્રથમ પી.એમ. પંડિત નહેરુનું હાર્ટ એટેકથી અવસાન થયું હતું. નહેરુના મૃત્યુના સમાચાર સાંભળીને મેહબૂબ ખાનને એવો તે આઘાત લાગ્યો કે મહેબૂબ સ્ટુડિયોના આંગણામાં એમણે કલ્પાંત કરેલો અને એમને પણ ત્યાં જ હાર્ટ એટેક આવ્યો. મહેબૂબજીને હોસ્પિટલમાં દાખલ કર્યા, પણ 28મે 1964ના રોજ અવસાન થયું હતું, તો વળી કોઈ કહે છે કે એ જ દિવસે અવસાન થયેલું.

સંગત સિતારોં કી
★ સંજય છેલ

પોતાના મોત બાદ સંતાનો મહેબૂબ સ્ટુડિયો વેંચી ના નાખે માટે મહેબૂબજીએ ટ્રસ્ટ બનાવીને, ત્યારનાં મુંબઈના સી.એમ મોરારજી દેસાઈ જેવા પ્રમાણિક અને અડગ વ્યક્તિને ટ્રસ્ટી નીમીને એવી સજ્જડ વ્યવસ્થા કરેલી કે કોઈ હાથ ન લગાડી શકે. આજે પણ મહેબૂબ સ્ટુડિયો, બાંદ્રાનાં ૩ ખાન અને બોલીવુડના બીજા સ્ટાર્સનો પણ ખૂબ મનગમતો છે.

'અંદાઝ' ભારતની એકમાત્ર ફિલ્મ છે જેમાં રાજ કપૂર અને દિલીપ કુમારે સાથે એક જ વાર કામ કરેલું, જે મહેબૂબ ખાનની હતી. ત્યાર બાદ 'અમર' ફિલ્મ દિલીપ કુમાર-મધુબાલા સાથેની ફિલ્મ હતી અને એ પણ સુપરહિટ હતી. 'મધર ઈંડિયા'માં જ આગનાં દ્રશ્યમાં સુનિલ દત્તે નરગીસને બચાવેલા ને બંનેને પ્રેમ થયેલો અને પછી લગ્ન થયેલા. મધર ઈંડિયા બાદ મહેબૂબજીએ 'સન ઓફ ઈંડિયા' જેવી સામાજિક ફિલ્મ પણ બનાવેલી, જે બહુ સફળ નહોતી પણ ચોક્કસ અલગ તો હતી જ. અફસોસ કે ૧૯૬૧માં મોસ્કો ફિલ્મ ફેસ્ટિવલમાં જ્યૂરી રહી ચૂકેલા પદ્મશ્રી સમ્માનિત ગરવા ગુજરાતી મહેબૂબજીને ગુજરાતે કદી પોતાન ગણ્યા જ નથી! આવતી કાલે એટલે કે ૨૮મી મેએ એમની પુણ્યતિથી છે, તો સલામ ગરવા ગુજરાતી મહેબુબ સાહેબને..

તિજોરીમાંથી બેંકો તરફ સરકતું સ્ત્રીધન: સોનાની ચમક પાછળ છુપાયેલી મધ્યમ વર્ગની આર્થિક ભીંસ!

ભારતીય સમાજમાં સોનું (ગોલ્ડ) એ માત્ર એક ધાતુ કે ઘરેણું નથી, તે પરિવારોની સામાજિક પ્રતિષ્ઠા, પેઢીઓની બચત અને કટોકટીના સમયની પરમ સખી છે. ગમે તે થાય, ઘરનું સોનું ન વેચાય કે ગીરો ન મુકાય, તેવી પરંપરાગત માનસિકતા સદીઓથી આપણા અર્થતંત્રના મૂળમાં રહી છે, પરંતુ વર્ષ ૨૦૨૬ના નાણાકીય આંકડા આ પરંપરાગત સામાજિક માળખા પર પ્રચંડ આંચકો આપી રહ્યા છે.

તાજેતરમાં ક્રેડિટ ઈન્ફોર્મેશન કંપની 'CRIF હાઈ માર્ક' દ્વારા જાહેર કરાયેલા સત્તાવાર રિપોર્ટ અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં ભારતમાં ગોલ્ડ લોન (સોના સામે અપાતી લોન)નો આંકડો રૂ. ૧૯ લાખ કરોડની ઐતિહાસિક સપાટી પર પહોંચી ગયો છે. આ સેગમેન્ટમાં વાર્ષિક ધોરણે ૫૦ ટકાનો જંગી ઉછાળો નોંધાયો છે, જે સમગ્ર ભારતીય રિટેલ ધિરાણ માર્કેટમાં સૌથી વધુ છે. જ્યારે દેશનું કુલ રિટેલ લોન માર્કેટ ૧૭%ના દરે વધીને રૂ. ૧૭૦ લાખ કરોડ થયું છે, ત્યારે સોનાની લોનમાં ૫૦%નો વિસ્ફોટ અનેક આર્થિક, સામાજિક અને નીતિગત પ્રશ્નો ઊભા કરે છે. શું આ ભારતીય મધ્યમ વર્ગની ભયાનક આર્થિક મજબૂરી દર્શાવે છે કે પછી ટૂંકા ગાળાની નાણાકીય તરલતા મેળવવાનું આધુનિક સાધન છે?

પહેલા સમજીએ, ગોલ્ડ લોનમાં ૫૦% નો વિસ્ફોટ કેમ થયો? : રૂ. ૧૯ લાખ કરોડના આ અકલ્પનીય આંકડા પાછળ કેટલાક મુખ્ય મેક્રો-ઈકોનોમિક ડેટા અને બજારના પરિબળો કામ કરી રહ્યા છે.

પહેલું છે, સોનાના ભાવોમાં વિક્રમી તેજી: છેલ્લા ૧૨ મહિનામાં આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક બજારમાં સોનાના ભાવમાં ડોલરના સંદર્ભમાં આશરે ૩૬%નો જંગી ઉછાળો આવ્યો છે. ભારતીય બજારોમાં સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ઐતિહાસિક સ્તરે પહોંચી ગયો છે. જ્યારે સોનાના ભાવ વધે છે, ત્યારે બેન્કો અને નોન-બેન્કિંગ ફાઈનાન્સિયલ કંપનીઓ પાસે ગીરો મુકેલા દાગીનાની કિંમત આપોઆપ વધી જાય છે.

બીજું હાયર લોન-ટુ-વેલ્યુ અને ટિકિટ સાઈઝ: રિઝર્વ બેન્કના નિયમો મુજબ, બેન્કો સોનાની બજાર કિંમતના ૭૫%થી ૮૫% સુધી લોન આપી શકે છે (જોકે સંસ્થાઓ સેફ્ટી બફર રાખે છે). સોનાના ભાવ ૩૬% વધવાના કારણે સામાન્ય પરિવારો પોતાની પાસે રહેલા જૂના દાગીનાના એટલા જ જથ્થા પર હવે ઘણી મોટી રકમ મેળવવા માટે પાત્ર બન્યા છે. એટલે કે, લોકોએ સોનાનો જથ્થો નથી વધાર્યો, પણ સોનાની મોંઘી કિંમતે લોનનો આંકડો મોટો કરી દીધો છે.

સપ્લાય ચેઇનમાં પેમેન્ટ મોડા આવવા, કાચા માલની મોંઘવારી અને જીએસટીના કમ્પ્લાયન્સ કોસ્ટના કારણે નાના ધંધાર્થીઓ પોતાની દુકાન ચલાવવા કે સ્ટાફનો પગાર ચૂકવવા માટે ઘરના સભ્યોનું સોનું બેન્કમાં મૂકી રહ્યા છે

અને ત્રીજું, અનસિક્યોર્ડ લોન પર કડક નિયંત્રણો: ભારતીય રિઝર્વ બેન્કે તાજેતરના સમયમાં પર્સનલ લોન અને ક્રેડિટ કાર્ડ જેવી અનસિક્યોર્ડ (ગેરંટી વગરની) લોન પર રિસ્ક વેટિંગ વધારી દીધું છે. પરિણામે બેન્કોએ સામાન્ય લોકોને પર્સનલ લોન આપવાનું ઓછું કર્યું છે અથવા વ્યાજદરો મોંઘા કર્યા છે. આ સ્થિતિમાં મધ્યમ વર્ગ માટે સોનું ગીરો મૂકીને ઈન્સ્ટન્ટ કેશ મેળવવી એ સૌથી સરળ અને સસ્તો રસ્તો બની ગયો છે.

લાઈફ-ઓન
★ ફાલ્ગુની આશર

માત્ર ડેટાના ચશ્માથી જોનારા કદાચ આને 'ધિરાણ ક્ષેત્રની પ્રગતિ' કહી શકે, પરંતુ ગ્રાઉન્ડ રિયાલિટી દર્શાવે છે કે ભારતીય મધ્યમ વર્ગ અત્યારે અભૂતપૂર્વ નાણાકીય દબાણ હેઠળ છે. સોનાની લોન લેનારાઓનો મોટો હિસ્સો ફિક્સ સેલરી મેળવતા નોકરિયાતો, નાના વેપારીઓ અને મધ્યમ ખેડૂતોનો છે.

તાજેતરના વર્ષોમાં ભારતમાં તબીબી અને ટેકનિકલ શિક્ષણ પાછળનો ખર્ચ મધ્યમ વર્ગની કમાણી કરતા ઘણો વધી ગયો છે. આ ઉપરાંત, કોચિંગ સેન્ટરોની લાખોની ફી અને વારંવાર સામે આવતા સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર લીકના કારણે પરિવારો આર્થિક રીતે તૂટી રહ્યા છે. જ્યારે કોઈ પરીક્ષા રદ થાય છે, ત્યારે વિદ્યાર્થીના બે વર્ષ અને તેના પિતાએ લીધેલી લોન માથે પડે છે. પરિણામે, બાળકોના ભવિષ્યને બચાવવા માટે મધ્યમ વર્ગ પોતાના ઘરનું છેલ્લું કવચ સોનું ગીરો મૂકવા મજબૂર બન્યો છે.

ભલે દેશમાં વીમા કલ્ચર વધ્યું છે, પરંતુ આધુનિક હોસ્પિટલોના ખર્ચ અને લાઈફસ્ટાઈલ બીમારીઓની મોંઘી સારવાર સામાન્ય માણસના ખિસ્સા ખાલી કરી નાખે છે. મેડિકલ ઈમરજન્સીમાં જ્યારે ક્રેડિટ કાર્ડની મર્યાદા પૂરી થઈ જાય, ત્યારે હોસ્પિટલના કાઉન્ટર પર સોનાની લોન આપતી એપ્સ કે બેન્કો જ એકમાત્ર આશરો બને છે, કારણ કે ત્યાં ૩૦ મિનિટમાં લોન ડિસબર્સ થઈ જાય છે.

ઉપરાંત, ભારતના નાના ઉદ્યોગો અને છૂટક વેપારીઓ અત્યારે વર્કિંગ કેપિટલ (રોજિંદા વ્યવહારના નાણાં)ની અછતનો સામનો કરી રહ્યા છે. સપ્લાય ચેઈનમાં પેમેન્ટ મોડા આવવા, કાચા માલની મોંઘવારી અને જીએસટીના કમ્પ્લાયન્સ કોસ્ટના કારણે નાના ધંધાર્થીઓ પોતાની દુકાન ચલાવવા કે સ્ટાફનો પગાર ચૂકવવા માટે ઘરના સભ્યોનું સોનું બેન્કમાં મૂકી રહ્યા છે.

કન્ઝમ્પ્શન પેટર્નમાં બદલાવ આવ્યો છે. CRIF હાઈ માર્કનો આ જ રિપોર્ટ દેશના અર્થતંત્રનો એક બીજો વિરોધાભાસી ચહેરો પણ રજૂ કરે છે. એક તરફ સોનાની લોન ૫૦% વધી છે, તો બીજી તરફ સામાન્ય વપરાશ આધારિત ધિરાણમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. ઓટો લોનમાં ક્વાર્ટર-ઓન-ક્વાર્ટર ૧૧.૬%નો ઘટાડો નોંધાયો છે. ટુ-વ્હીલર લોનમાં ૨૨.૧%નો મોટો કડાકો બોલાયો છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ ફાઈનાન્સિંગ (ટીવી, ફ્રીજ, એસી ખરીદવા માટે લેવાતી લોન)માં પણ તહેવારોની સીઝન બાદ ભારે સુસ્તી જોવા મળી છે. આ ડેટા સાબિત કરે છે કે ભારતીય ગ્રાહક અત્યારે નવું વાહન કે નવી સુખ-સુવિધાઓ ખરીદવા માટે ઉત્સાહિત નથી (જે આર્થિક સમૃદ્ધિની નિશાની છે). તેના બદલે તે પોતાના ચાલુ દેવા ચૂકવવા અથવા રોજિંદી લિક્વિડિટી જાળવવા માટે સોનું ગીરો મૂકી રહ્યો છે. જ્યારે લક્ઝરી પાછળનું ધિરાણ ઘટે અને સોનાનું ધિરાણ વધે, ત્યારે અર્થતંત્રમાં 'સ્ટ્રેસ' (દબાણ) સ્પષ્ટ દેખાઈ આવે છે.

જો કે, આ સિક્કાની એક બીજી બાજુ પણ છે જે બેન્કિંગ એક્ઝિક્યુટિવ્સ અને આધુનિક અર્થશાસ્ત્રીઓ રજૂ કરે છે. તેમના મતે, રૂ. ૧૯ લાખ કરોડનો આ આંકડો માત્ર આર્થિક તંગી જ નથી દર્શાવતો, પરંતુ ભારતીય ગ્રાહકના બદલાતા નાણાકીય વ્યવહારને પણ પ્રતિબિંબિત કરે છે. ભૂતકાળમાં સોનું લોકરમાં પડ્યું રહેતું હતું, જેને 'ડેડ એસેટ' ગણવામાં આવતી. નવી પેઢી સોનાને લોકરમાં રાખીને બેન્કનું ભાડું ચૂકવવા કરતાં તેનો ઉપયોગ શોર્ટ-ટર્મ બિઝનેસ તકો ઝડપી લેવા માટે મૂડી તરીકે કરતા શીખી છે.

એક જમાનો હતો જ્યારે સોનું ગીરો મૂકવું એ પરિવારની કંગાળિયતની નિશાની ગણાતું. આજે ફિનટેક એપ્સ અને ગોલ્ડ લોન કંપનીઓએ આ પ્રક્રિયાને એટલી ડિજિટલ અને ગુપ્ત બનાવી દીધી છે કે લોકો કોઈપણ સામાજિક શરમ વગર હોમ બ્રાન્ચમાંથી કે ઓનલાઈન ગોલ્ડ લોન મેળવી લે છે. ઓછી કાગળિયાંની વિધિના કારણે તે વ્યાપક સ્વીકૃતિ પામી રહ્યું છે.

રૂ. ૧૯ લાખ કરોડનું આ ગોલ્ડ લોન માર્કેટ અત્યારે ખૂબ જ સુરક્ષિત દેખાઈ રહ્યું છે કારણ કે બેન્કો પાસે ગેરંટી તરીકે ભૌતિક સોનું પડ્યું છે. પરંતુ જો ભવિષ્યમાં ભૌગોલિક-રાજકીય તણાવ હળવો થાય અથવા વૈશ્વિક કેન્દ્રીય બેન્કો વ્યાજદરમાં ફેરફાર કરે અને સોનાના ભાવમાં અચાનક મોટો ઘટાડો આવે, તો ભારતીય નાણાકીય સિસ્ટમમાં મોટો ભૂકંપ આવી શકે છે. જોખમની વાત કરીએ તો, જો સોનાનો ભાવ ઘટશે, તો લોન આપનારી સંસ્થાઓ ગ્રાહકો પાસે વધારાનું સોનું અથવા રોકડા રૂપિયા માગશે. જો મધ્યમ વર્ગના ગ્રાહકો તે નાણાં નહીં ચૂકવી શકે, તો બેન્કોએ તેમનું સોનું હરાજીમાં મૂકવું પડશે. હજારો પરિવારોના ઘરેણાં જ્યારે બેન્કો દ્વારા હરાજીમાં વેચાશે, ત્યારે દેશમાં એક મોટો સામાજિક આક્રોશ ફાટી નીકળી શકે છે, કારણ કે સોના સાથે પરિવારોની ભાવનાઓ જોડાયેલી હોય છે.

વર્ષ ૨૦૨૬માં રૂ. ૧૯ લાખ કરોડની આ ગોલ્ડ લોન સુનામી એ ભારતીય અર્થતંત્ર માટે આશીર્વાદ અને ચેતવણી બંને છે. તે સાબિત કરે છે કે ભારતીય સામાન્ય જનતા પાસે મુશ્કેલ સમયમાં ટકી રહેવા માટે પોતાની સ્વનિર્મિત 'સામાજિક સુરક્ષા નેટ' ઉપલબ્ધ છે, જેના કારણે બેન્કોમાં લોન ડિફોલ્ટ કે એનપીએનું પ્રમાણ નિયંત્રણમાં રહ્યું છે.

પરંતુ સરકાર અને નીતિઘડવૈયાઓએ એ વાસ્તવિકતાથી આંખ આડા કાન ન કરવા જોઈએ કે મધ્યમ વર્ગ પોતાની ખુશીથી નહીં, પણ અન્ય ધિરાણના વિકલ્પો બંધ થવાના કારણે અને અસહ્ય મોંઘવારી, શિક્ષણ અને આરોગ્યના ખર્ચને પહોંચી વળવા માટે પોતાની પવિત્ર સંપત્તિ ગીરો મૂકી રહ્યો છે. જો લાંબા સમય સુધી દેશનો વિકાસ માત્ર 'સોનું ગીરો મૂકીને દેવું કરવા' પર નિર્ભર રહેશે, તો ભવિષ્યમાં આર્થિક કટોકટી વધુ ઘાતક બનશે. સરકારે મધ્યમ વર્ગની વાસ્તવિક આવક વધારવા, રોજગારીની ગુણવત્તા સુધારવા અને અનસિક્યોર્ડ ધિરાણ બજારને ફરીથી સંતુલિત કરવા માટે તાત્કાલિક અસરકારક પગલાં લેવા પડશે.

સોનાની ચમક પાછળ છુપાયેલી મધ્યમ વર્ગની આ આર્થિક ભીંસને જો સમયસર ઓળખવામાં નહીં આવે, તો આગામી નાણાકીય તોફાન અટકાવવું મુશ્કેલ બનશે.

ટોકવું - એક સામાજિક સકારાત્મક વ્યવસ્થા

ટોકવું એટલે કોઈ વ્યક્તિને તેની ભૂલ, ખોટાં વિચાર, અયોગ્ય વર્તન, વિચિત્ર માનસિકતા અથવા ખોટી દિશા તરફના ગમન વિશે સૂચન કરવું. યોગ્ય રીતે ટોકવું વ્યક્તિગત તથા સામાજિક વિકાસ માટે ખૂબ જરૂરી છે. જ્યારે ઈરાદો ચોખ્ખો હોય ત્યારે ટોકવું જરૂરી છે. માણસથી ભૂલ થઈ જાય. જે વ્યક્તિ ભૂલ જોઈ શકે છે અને જે વ્યક્તિને ભૂલ કરનાર માટે ચિંતા હોય તે ટોકી શકે; નહિતર ભૂલ ચાલુ રહેવાની સંભાવના રહે. ભૂલ થઈ ન હોય તો પણ ભવિષ્યમાં ભૂલની સંભાવના ન રહે તે માટે ભવિષ્યના સાચા 'માર્ગદર્શન' તરીકે, ભવિષ્યની સંભવિત ખામીને સુધારવા પણ ટોકવું જરૂરી બને. ટોકવાથી જે તે વ્યક્તિમાં સુધારો થવાની સંભાવના ઊભી થાય છે, જેનાથી વર્તમાન અને ભવિષ્યની મોટી ભૂલ અટકી શકે. જો સામેની વ્યક્તિ સકારાત્મક વલણ ધરાવતી હોય તો લાંબા ગાળે તેને પણ મોટો ફાયદો થઈ શકે. સકારાત્મક વ્યક્તિને તે ટકોરમાં સાચી નિષ્ઠા દેખાય.

ટોકવાથી વ્યક્તિગત ફાયદો તો થાય જ અને સાથે સાથે સમાજમાં શિસ્ત, સમજ, નૈતિકતા, વિવેક, સંયમ અને સદાચરણ માટે સભાનતા પણ આવી શકે - સ્વતંત્રતાના નામે ક્યાંક સ્વચ્છંદતા પ્રવેશી જતી અટકી શકે. સમાજમાં જો બધાં જ ખોટાં કામ સામે મૌન રહે તો સામાજિક વ્યવસ્થાના મુખ્ય હેતુને જ ક્યાંક નુકસાન થાય. ક્યારેક સમાજના ભલા માટે પણ ટકોર જરૂરી બને. સમાજની સુરક્ષા અને સ્થાપિત નિયમોનાં અનુકરણના અનુસંધાનમાં પણ તેનું ધ્યાન રાખવું જરૂરી છે. કહેવાય છે કે જે તમારી ભૂલ બતાવે છે તે તમારા વિકાસમાં મદદ કરે છે.

સાંપ્રત સમયમાં લોકો, ઈચ્છનીય અને જરૂરી હોય તો પણ, ટોકવાની પ્રક્રિયાથી દુર રહે છે. ક્યાંક એવો ડર હોય છે કે ટોકવાથી કદાચ સંબંધ બગડી શકે, સામેની વ્યક્તિ નારાજ થઈ શકે. ટોકવાથી ક્યારેક માનસિક કે બૌદ્ધિક ટકરાવ ઊભો થાય અને સ્થાપિત શાંતિ જોખમાઈ શકે; અને આ શાંતિ જળવાઈ રહે તે માટે પણ ટોકવાનું ટાળવામાં આવે. ક્યારેક સાચી વાત કહેવા માટે જરૂરી આત્મવિશ્વાસની કમી હોય અથવા તો તે પરિસ્થિતિને અધિકારના ક્ષેત્રની બહાર માની લેવામાં આવે. ક્યારેક જે તે પ્રકારનાં સંસ્કાર અને માનસિકતા પણ ટોકવાની પ્રક્રિયાથી રોકે છે, કારણ કે ક્યાંક તેને અનિચ્છનીય અને અનિષ્ટ વર્તણૂક માનવામાં આવે છે. સત્ય બોલનાર વ્યક્તિ બધાને ગમતો નથી, કારણ કે સત્ય ઘણીવાર અપ્રિય હોય છે. જે વ્યક્તિ ભૂલ સ્વીકારવા તૈયાર હોય, જેનામાં સુધરવાની ઈચ્છા હોય, જેનું મન ખુલ્લું હોય, સકારાત્મકતાથી પરિસ્થિતિ જોવાનો જેનો અભિગમ હોય, જે સમજદાર હોય તે જ વ્યક્તિ ટીકાનો સ્વીકાર કરી શકે. જે માણસ પોતાની ત્રુટી સ્વીકારવા તૈયાર નથી, તેને સમજાવવું મુશ્કેલ છે.

ટોકવાનો હેતુ સ્પષ્ટ અને સકારાત્મક હોવો જોઈએ. સમગ્ર પ્રક્રિયામાં મૃદુતા, સત્ય, પારદર્શિતા અને કાળજી હોવાં જોઈએ. શબ્દો સરળ, મીઠાં તેમજ સંસ્કારી હોવા જોઈએ. પરોક્ષ રીતે પણ રજૂઆત થઈ શકે. જો પહેલાં ગુણોની પ્રશંસા કરવામાં આવે તો કદાચ વધુ સકારાત્મક પરિણામ આવી શકે. જ્યાં થોડાં પ્રોત્સાહનની આવશ્યકતા હોય ત્યાં તે વ્યક્ત થવું જોઈએ. એ સમજવું પડે કે ઘણીવાર માણસની ભૂલ પાછળ કોઈ કારણ હોય છે અને તેથી ટકોર કરતાં પહેલાં વાતને પૂરેપૂરી સાંભળવી અને સમજવી જોઈએ, એમ ન થાય કે ટકોર કર્યા પછી ટકોર કરનારને જ પસ્તાવો થાય. નાની નાની બાબતોની કે વારંવાર થતી ટકોર યોગ્ય ન ગણાય. એ યાદ રાખવું જોઈએ કે ટોકવાની પ્રક્રિયામાં સદભાવ, સંસ્કાર, વિવેક અને વિનમ્રતા હોવી જોઈએ. વાણી એવી બોલવી કે સત્ય પણ રહે અને હૃદય પણ ન દુભાય. જ્યાં જરૂર હોય ત્યાં જ બોલવું. સાચી વાત કહેવી પણ એક કળા છે, જેને આ કળા આવડે તે સંબંધ પણ બચાવે અને સુધારણા પણ લાવી શકે.

કહેવત છે, 'સાચી વાત કડવી લાગે', અને 'કડવી દવા રોગ દૂર કરે', અર્થાત કડવી લાગતી વાત ઘણી લાભકારી હોઈ શકે; ટકોર ક્યારેક કડવી વાસ્તવિકતા સમાન પણ હોય

સાથે સાથે એ પણ જરૂરી છે કે, પહેલાં તો સૌ પ્રથમ પોતાને પૂછવું જોઈએ કે આવી પરિસ્થિતિમાં પોતે કેવો પ્રતિભાવ આપે, શું મારો આશય નકારાત્મક તો નથી ને, શું કોઈને અપમાનિત કરવાની ભાવના તો સ્થાપિત નથી થઈ ગઈ ને, શું સામેની વ્યક્તિ એ પ્રકારની માનસિક સ્થિતિમાં છે કે જેથી તે ટકોરને સકારાત્મક રીતે લઈ શકે, જો ટકોર કરવામાં ન આવે તું શું મહાન હાની પહોંચવાની છે, શું પ્રવર્તમાન સ્થળ સમય અને સંજોગોમાં સકારાત્મક પરિણામની ચોક્કસ સંભાવના છે, શું આ વાત અત્યારે અને આ રીતે જ કહેવી જ જરૂરી છે; ટોકતાં પહેલાં, ટકોર કરતાં પહેલાં આ સમજી લેવું જરૂરી છે.

આંખની અટારી
★ હેમુ ભીખુ

જ્યારે કહેવામાં આવે કે 'સાચી વાણી કડવી હોય પણ અંતે કલ્યાણ કરે', ત્યારે તેની પાછળનો અર્થ સમજવો પડે. કહેવાય છે કે ટીકા કરનાર સાબુ અને પાણી વગર વ્યક્તિને શુદ્ધ બનાવે, તેથી ટીકા કરનારને નજીક રાખવો જોઈએ અને તેની વાત સાંભળવી જોઈએ. એમ પણ કહેવાય છે કે ખોટા વખાણ કરતાં સાચો ઠપકો સારો. અખાએ કહ્યું છે તેમ 'કહે અખો એ વાત કઠણ, સાચું કહીએ તો દુખે જન', અર્થાત સાચી વાત ઘણીવાર લોકોને કઠણ લાગે, જે પસંદ ન પણ પડે, અને તે દુઃખી પણ થાય. આ માન્યતા નથી વાસ્તવિકતા છે. છતાં પણ સાચું કહેવું જ અંતે કલ્યાણકારક બની રહે, ક્યાંક ક્યારેક તે ઊગી નીકળે. એમ પણ કહેવાય છે કે સાચું કહીએ તો લોકો નારાજ થાય છે અને ખોટું કહીએ તો પોતાનું અંતરાત્મા દુભાય. અહીં અંતરાત્મા વધુ નિર્દોષ હોવાથી તેનું સાંભળવું ઈચ્છનીય છે. કહેવત છે, 'સાચી વાત કડવી લાગે', અને 'કડવી દવા રોગ દૂર કરે', અર્થાત કડવી લાગતી વાત ઘણી લાભકારી હોઈ શકે; ટકોર ક્યારેક કડવી વાસ્તવિકતા સમાન પણ હોય. ઘણી વ્યક્તિને કડવી વાત સાંભળવામાં મુશ્કેલી થતી હોય છે. સંસ્કૃતમાં એક સુભાષિત છે, 'હિતં મનોહરં ન હિ સર્વં, સત્યં અપિ અપ્રિયં ભવતિ' અર્થાત હિતકારક વાત ઘણીવાર મીઠી નથી હોતી, પરંતુ તે અંતે કલ્યાણકારક હોય છે. એ ધ્યાન રાખવાનું છે મૌન ક્યારેક પાપ ન બની જાય.

'ટોકવું' એટલે ટીકા કરવી નહીં, પરંતુ સંસ્કારી રીતે પ્રતિસાદ આપવો. આજનાં સમયમાં લોકોની સંવેદનશીલતા અને અહંકાર, બંને વધારે હોવાથી ટોકવાની રીત ખૂબ મહત્ત્વની બની ગઈ છે. વડીલો, ગુરુજનો, સંતો અને લોકજ્ઞાન, બધાં જ જણાવે છે કે 'ટોકવું' સુધાર માટે જરૂરી છે. સમજદાર માણસ તેને શત્રુતા નહીં પરંતુ માર્ગદર્શન માને છે. સાચી ભાવના અને નમ્રતા સાથે યોગ્ય રીતે, યોગ્ય સમયે ટોકવું, વ્યક્તિ અને સમાજ બંને માટે કલ્યાણકારક છે.